૧૫ લાખ સુધીની હોમ લોન ૧ ટકા સસ્તી

નવી દિલ્હી,તા.૪

દેશમાં લોકોસ્ટ હાઉસિંગ પ્રોજેક્ટોને પ્રોત્સાહન આપવાનાં હેતુસર પંદર લાખ સુધીની આવાસ લોન ઉપર એક ટકા વ્યાજ સબસિડીની આજે સરકારે જાહેરાત કરી છે. આનાથી ઓછી કિંમતનાં મકાનો મેળવવા ઈચ્છુક લોકોને મોટી રાહત મળી શકે છે. પંદર લાખ સુધીની હોમ લોન એક ટકા સસ્તી બનાવવામાં આવતાં મધ્યમવર્ગને મોટી રાહત થશે. વડાપ્રધાન મનમોહનસિંહના નેતૃત્વમાં કેન્દ્રીય કેબિનેટની મિટિંગ યોજાઈ હતી જેમાં પંદર લાખ સુધીની આવાસ લોન ઉપર એક ટકા વ્યાજ સબસિડીની લીલીઝંડી આપવામાં આવી હતી. ૨૫ લાખથી વધુ આવાસનો ખર્ચ ના થાય તેવી વ્યવસ્થામાં આ જોગવાઈ અમલી બનશે. નાણાંકીય વર્ષ ૨૦૧૨-૧૩માં ઉપલબ્ધ તમામ આવાસ લોનને આ પ્રકારની સુવિધા મળી શકશે. આ સ્કીમને અમલી બનાવવા માટે વર્તમાન નાણાંકીય વર્ષ

માટે ૪૦૦ કરોડની અંદાજપત્રીય જોગવાઈ કરવામાં આવી છે. આ સ્કીમને લંબાવી દેવાયા બાદ વ્યક્તિગત ધિરાણદારો માટે સબસિડીની મર્યાદા ૧૫ લાખની લોન માટે ૧૪૯૧૨ રૂપિયા રહેશે જ્યારે ૧૦ લાખની લોન માટે સબસિડીની મર્યાદા ૯૯૨૫ રૂપિયા રહેશે. કેબિનેટ બેઠક બાદ જારી કરવામાં આવેલાં નિવેદનમાં આ મુજબની સ્પષ્ટતા કરવામાં આવી હતી.

અગાઉ એક ટકા વ્યાજ સબસિડી માટે લાયક હાઉસિંગ લોન માટેની મર્યાદા ૧૦ લાખ હતી, આમાં આવાસની કિંમત ૨૦ લાખથી ઉપર હોવી જોઈતી નહતી.

આ સ્કીમને અમલી બનાવવા માટે નેશનલ હાઉસિંહ બેંક નોડલ એજન્સી તરીકે કામ કરશે.

શેડ્યુલ કોમર્શિયલ બેંક અને હાઉસિંગ ફાયનાન્સ કંપનીઓ બંને માટે આ સ્કીમને અમલી બનાવવા માટે નેશનલ હાઉસિંગ બેંક નોડલ એજન્સી તરીકે પોતાની ભૂમિકા અદા કરશે.

ડેબિટ કાર્ડ દ્વારા ઓનલાઈન ચૂકવણી ફીમાં ઘટાડો

નવી દિલ્હી,તા.૪

એક મહત્વપૂર્ણ પગલાંરૂપે આરબીઆઈએ વાયાડેબિટકાર્ડ ઓનલાઈન પેમેન્ટ માટેની ટ્રાન્ઝેક્શન ફીમાં ઘટાડો કરવાની જાહેરાત કરી છે. ડેબિટકાર્ડ મારફતે ઓનલાઈન કરવામાં આવતી ચૂકવણીના ચાર્જમાં ઘટાડો કરવામાં આવતાં આનાથી પણ ઘણાં લોકોને ફાયદો થઈ શકે છે. ગ્રાહકોની લાંબાગાળાની માંગણીને પૂર્ણ કરીને આ નિર્ણય લેવામાં આવ્યો છે. પહેલી જુલાઈથી ૨૦૦૦ રૂપિયા સુધીની ઓનલાઈન પેમેન્ટ માટેની ટ્રાન્ઝેક્શન ફી ૦.૭૫ ટકા કરી દેવામાં આવી છે. ડેબિટકાર્ડ મારફતે કરવામાં આવતી ૨૦૦૦ સુધીની ઓનલાઈન ચુકવણીની ફી ઘટાડી દેવાની વિચારણા છેલ્લાં ઘણાં દિવસથી ચાલી રહી હતી. આ કિંમત કરતાં ઉપરની ખરીદી માટે એક ટકાનો મહત્તમ ચાર્જ લાગુ થશે. અગાઉ બેંકો ૧.૮ ટકાનો ચાર્જ લાગુ કરી રહી હતી. ડેબિટકાર્ડ મારફતે કરવામાં આવતી તમામ ઓનલાઈન ચૂકવણી પર ૧.૮ ટકાનો ચાર્જ ઘટાડવા રજૂઆત કરવામાં આવી રહી હતી. આ હિલચાલથી ભારતમાં ઈ-કોમર્સને ભારે પ્રોત્સાહન મળે તેવી શક્યતાઓ છે. વિશ્વનાં ત્રીજા સૌથી મોટાં

અર્થતંત્ર ભારતમાં ઈ-કારોબારને પ્રોત્સાહન આપવાનો આની પાછળનો હેતુ રહેલો છે. ભારતમાં ચીજ-વસ્તુઓ અને સર્વિસની ખરીદી માટે ઈન્ટરનેટનો ઉપયોગ દર વર્ષે ૩૦ થી ૩૫ ટકા સુધી વધી રહ્યો છે.

આ બાબતને ધ્યાનમાં લઈને ડેબિટકાર્ડ મારફતે ઓનલાઈન ચૂકવણી માટેની ફી ઘટાડવામાં આવી છે. દેશમાં ઈ ટ્રાન્ઝેક્શનનો કારોબાર ૨૦૧૧માં ૪૬૦૦૦ કરોડ સુધી પહોંચ્યો હતો. ઈન્ટરનેટ એન્ડ મોબાઈલ એસોસિએશન ઓફ ઈન્ડિયાનાં આંકડામાં આ મુજબનો ધડાકો કરવામાં આવ્યો છે.

ઈન્ડિયન સોફ્ટવેર ઈન્ડસ્ટ્રી એસોસિએશનનાં પ્રમુખ સોમ મિત્તલે માહિતી આપતાં કહ્યું છે કે, અમે ખૂબ જ ખુશ છીએ. ડેબિટકાર્ડનાં ઉપયોગ સાથે બેંકોને કોઈપણ જોખમ નથી. બેંકો ઓનલાઈન પેમેન્ટ માટે ચાર્જ વધારે પડતો લઈ રહી છે. નાસ્કોમે ટ્રાન્ઝેક્શન રેટમાં ઘટાડો કરવાની માંગણી કરી હતી અને દલીલ કરી હતી કે, ડેબિટકાર્ડ મારફતે કરવામાં આવતી ચૂકવણી બેંકો માટે જોખમમુક્ત છે. ઉપરાંત અન્ય ક્ષેત્રોમાં પણ ધ્યાન આપવાની જરૂર છે.

કાશ્મીરમાં બે દાયકામાં ૨૧ હજાર ત્રાસવાદી મોતને ઘાટ

શ્રીનગર,તા.૪

જમ્મુ-કાશ્મીર સરકારે આજે કહ્યું હતું કે, રાજ્યમાં અંધાધૂંધીનાં બે દશકનાં ગાળામાં ૨૧,૦૦૦ આતંકવાદીઓનાં મોત થયા છે. આ ઉપરાંત લોએન્ફોર્સમેન્ટ એજન્સીઓનાં હાથે પણ ૩૬૦૦ નાગરિકોનાં મોત થયા છે. કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને જાળવી રાખવાની વ્યવસ્થા વેળા કાર્યવાહી કરાતાં ૩૬૦૦ નાગરિકોનાં મોત થયા છે. રાજ્ય માનવાધિકાર પંચ તરફથી નોટિસનો જવાબ આપતાં ગૃહવિભાગે કહ્યું છે કે, આ વર્ષે મે મહિના સુધી ૧૯૯૦ બાદથી રાજ્યમાં ૨૧૪૪૯ આતંકવાદીઓ માર્યા ગયા છે. રાજ્ય માનવાધિકાર પંચે એક અરજીનાં આધાર ઉપર રાજ્ય સરકારને નોટિસ ફટકારી હતી જેમાં પૂંચ અને રાજૌરી જિલ્લામાં નોંધણી નહીં ધરાવતાં કબ્રસ્તાન અંગે માહિતી માંગવામાં આવી હતી. બે માનવાધિકાર સંગઠનો એસોસિએશન ઓફ પેરેન્ટ ઓફ ડીસાપિયર્ડ પર્સન (એપીડીપી) અને ઈન્ટરનેશનલ પીપલ્સ ટ્રિબ્યુનલ ઓન હ્યુમન રાઈટ ઈન કાશ્મીર તરફથી રજૂઆત કરવામાં આવી હતી. આ માનવાધિકાર સંગઠનો બે

જિલ્લાઓમાં કબ્રસ્તાન અંગેની વિગત માંગી હતી. અરજીદારોનાં જણાવ્યા મુજબ ૨૦૦૦ એવી કબરો છે જેમાં વણઓળખાયેલા લોકોની દફનવિધિ કરવામાં આવી છે. માનવાધિકાર સંગઠનોને શંકા છે કે આ કબરમાં દફનાવાયેલા ઘણાં લોકો આતંકવાદની શરૂઆત થયા બાદથી રાજ્યનાં જુદાં જુદાં ભાગોમાં લાપતા થયેલાં લોકો હોય શકે છે. આમાં ભારપૂર્વક જણાવવામાં આવ્યું છે કે, કેટલાંક એવા કેસ પણ છે જેમાં કસ્ટડીવેળા લોકો લાપતા થઈ ગયા હતાં. ગૃહવિભાગે સાફ શબ્દોમાં જણાવ્યું છે કે, તમામ પાસાઓમાં વિચારણા કરવામાં આવી ચૂકી છે. લાપતા લોકોનાં સંબંધમાં ગૃહવિભાગે કહ્યું છે કે, સેંકડો લોકો પાકિસ્તાન અને પાકિસ્તાન કબજા હેઠળનાં કાશ્મીર (પીઓકે)માં હતાં. આમાં એમપણ જણાવાયું છે કે, લાપતા લોકો તરફથી કોઈ સત્તાવાર માહિતી અપાઈ નહતી જેનાં કારણે સમગ્ર મામલામાં વિલંબ થઈ રહ્યો હતો. જોકે વિભાગે કબૂલાત કરી છે કે, આતંકવાદ સંબંધિત બનાવોમાં નહીં બલ્કે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને જાળવી રાખવાનાં પ્રયાસરૂપે છેલ્લાં ૨૨ વર્ષમાં રાજ્યમાં ૩૬૫૫ નાગરિકોનાં મોત થયા છે. આમાં એમપણ જણાવાયું છે કે, રાજ્યમાં આતંકવાદનાં બે દશકનાં ગાળા દરમિયાન પોલીસ સહિત ૫૪૦૦ સુરક્ષા જવાનો શહીદ થયા છે.

સંપત્તિ કેસ : જગનને કોઈ રાહત આપવા કોર્ટની 'ના'

હૈદરાબાદ,તા.૪

વાયએસઆર કોંગ્રેસ પાર્ટીનાં નેતા વાયએસ જગનમોહન રેડ્ડીની આંધ્ર પ્રદેશ હાઈકોર્ટ તરફથી આજે કોઈપણ રાહત મળી ન હતી કારણ કે આંધ્ર પ્રદેશ હાઈકોર્ટે જગનમોહન રેડ્ડી દ્વારા દાખલ કરવામાં આવેલી જામીન અરજી આજે હાઈકોર્ટે ફગાવી દીધી હતી. અપ્રમાણસર સંપત્તિ કેસમાં જગનમોહનની તકલીફ વધી ગઈ છે. આ કેસમાં જગનમોહન મુખ્ય આરોપી છે. જગનમોહનની ૨૭ મેના દિવસે ધરપકડ કરવામાં આવી હતી. જગનમોહન હાલ ચંચલગુડાની જેલમાં જ્યુડિશીયલ રીમાન્ડ હેઠળ છે. આંધ્ર હાઈકોર્ટનાં જસ્ટીસ સમુદ્રાલા ગોવિંદરાજુ અરજી પર સુનાવણી ૨૭ જુને પૂરી કરી હતી અને ચુકાદો એ દિવસે અનામત રાખ્યો હતો. જાણીતા વકીલ રામ જેઠમલાણીએ જગનમોહન તરફથી અને વરિષ્ઠ વકીલ અશોક ભાને સીબીઆઈ તરફથી દલીલો કરી

વાયએસઆર કોંગ્રેસ પાર્ટીનાં નેતા વાય એસ જગનમોહન રેડ્ડીના માતૃશ્રી આ મામલે વડાપ્રધાન મનમોહન સિંઘને મળ્યા હતા.

હતી. સીબીઆઈનાં વકીલે એવી દલીલ કરી હતી કે આ કેસ ૪૩૦૦૦ કરોડની નાણાંકીય ગેરરીતિ સાથે સંબંધિત છે. એજન્સી જગનમોહનની કંપનીઓમાં ફંડ પ્રવાહની તપાસ કરી રહી છે. ભાને એવી રજૂઆત કરી હતી કે, આરોપીને હાલનાં તબક્કે જામીન આપવાથી તપાસ આડે અડચણો ઉભી થઈ શકે છે કારણ કે તપાસ સંસ્થા હજુ કેસમાં વધુ કેટલીક ચાર્જશીટ દાખલ કરવા ઈચ્છે છે. બીજીબાજુ જેઠમલાણીએ એવી દલીલ કરી હતી કે, કડપ્પાનાં સાંસદ જગનમોહનની ધરપકડ રાજકીય રીતે પ્રેરિત છે, તેમનાં અસીલ સામે કોઈપણ નક્કર પુરાવા નથી. જેઠમલાણી એવો આક્ષેપ કર્યો હતો કે, જગનમોહનને રાજકીય ઈશારે હેરાન-પરેશાન કરવામાં આવી રહ્યા છે. સીબીઆઈ સાથે સહકાર નહીં આપવાનો આક્ષેપ તેમનાં પર કરવામાં આવી રહ્યો છે. પુરાવા સાથે ચેડાનાં આક્ષેપો થઈ રહ્યાં છે. સીબીઆઈએ તેમની અને અન્યો સામે અગાઉ ત્રણ ચાર્જશીટ દાખલ કરી હતી.

મુંબઈમાં ભારે વરસાદ જારી ૪ માળની ઈમારત ધારાશાયી

નવી દિલ્હી,તા.૪

દેશના વાણિજ્ય પાટનગર મુંબઈમાં ભારે વરસાદ જારી રહ્યો છે જેથી જનજીવન સંપૂર્ણપણે અસ્તવ્યસ્ત થઈ ગયું છે. ભારે વરસાદના કારણે મુંબઈમાં એક વ્યક્તીનું મોત થયું છે. રાત્રી દરમિયાન પણ વરસાદ જારી રહ્યો હતો જેથી ઘણા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા છે. લોકલ ટ્રેનો પણ મોડેથી દોડી રહી છે. લોકલ ટ્રેનોમાં વિલંબ થતાં મોટી સંખ્યામાં લોકો સવારે જુદા જુદા સ્ટેશનો ઉપર અટવાઈ પડ્યા હતા. જે વિસ્તારોમાં સૌથી વધારે અસર જોવા મળી હતી તેમાં કાલીના, વકોલા, સિયોન, પારેલનો સમાવેશ થાય છે. ઉપનગરીય સેન્ટ્રલ અને વેસ્ટર્ન લાઈન ઉપર ટ્રેનો ૧૫ મિનિટ મોડેથી જોડી રહી છે. દરમિયાન ફાયરબ્રિગેડના સૂત્રોએ આજે સવારે માહિતી આપતા કહ્યું હતું કે ભારે વરસાદ બાદ શહેરમાં એક ખાલી ચાર માળની ઈમારત ધારાશાયી થઈ ગઈ હતી. આ બનાવમાં એકનું મોત થયું હતું. ઉપનગરીય મલાડમાં મામલતદાર વાડીમાં સ્થિત ઈમારત ગોપાલ ભવન ધારાશાયી થઈ ગઈ હતી. જો કે કોઈ ખુવારી થઈ ન હતી. ઈમારતમાં બનાવ બન્યો ત્યારે કોઈ લોકો ન હતા. આસપાસના નિવાસીઓને પણ પહેલાથી દૂર કરી દેવામાં આવ્યા હતા. બ્રિહાન મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશને ચાર માળની આ ઈમારતને હાલમાં જ ખતરનાક જાહેર કરી હતી જેના કારણે આ

ઈમારતમાં રહેતા લોકો અન્યત્ર જતા રહ્યા હતા. બનાવની જાણ થયા બાદ પાંચ ફાયર એન્જીનો ઘટના સ્થળે પહોંચી ગયા હતા અને કાટમાળ ખચેડવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. હવામાન વિભાગે કહ્યું છે કે મુંબઈમાં હજુ લોકોને ભારેથી અતિ ભારે વરસાદનો સામનો કરવો પડશે. મુંબઈમાં શરૂઆતી વરસાદથી જ જુદા જુદા વિસ્તારોમાં પાણી ભરાઈ જવાની ફરિયાદ મળી છે જેથી મ્યુનિસિપલ કોર્પોરેશનના પ્રાથમિક તૈયારીના દાવા ખોટા સાબિત થઈ રહ્યા છે. મુંબઈમાં આગામી ૪૮ કલાકમાં અતિ ભારે વરસાદ પડવાની આગાહી કરવામાં આવી છે. સાથે સાથે દરિયામાં ૪.૬ મીટર સુધીના મોંજા ઉછળવાની આગાહી પણ કરવામાં આવી છે. માત્ર મુંબઈમાં જ નહીં કોકણમાં પણ ભારે વરસાદ થઈ રહ્યો છે. અનેક જગ્યાએ પાણી ભરાઈ ગયા છે જેથી રસ્તાઓને નુકસાન થયું છે. કેટલાક વિસ્તારોમાં લોકોના ઘરમાં પણ પાણી ઘૂસી ગયા છે. રત્નાગીરી, રાયગઢ, સિંધુદૂર્ગમાં ભારે વરસાદ થઈ રહ્યો છે. વાહન વ્યવહારને પણ અસર થઈ છે. સોમવારના દિવસે વરસાદ બાદ વીજળીના કરંટથી બે બાળકોના મોત થયા હતા. મુંબઈના દાદર, પારે, માટુંગા જેવા નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા છે. એકબાજુ મુંબઈમાં ભારે વરસાદ પડી રહ્યો છે ત્યારે દેશના અન્ય ભાગોમાં વરસાદમાં વિલંબ થતાં ખેડૂત સમુદાયની સાથે સાથે સામાન્ય વર્ગ ચિંતિત છે. ભાવવધારાના સંકેત દેખાઈ રહ્યા છે.

આ અઠવાડિયે રીલીઝ થઈ રહેલી ડાયરેક્ટર રોહિત શેટ્ટીની નવી ફિલ્મ 'બોલ બચ્ચન'ના પ્રચાર પ્રસારનું કામ જોરશોરથી ચાલી રહ્યું છે. નવી દિલ્હીમાં યોજાયેલી આવી જ એક પ્રમોશન ઈવેન્ટમાં ડાયરેક્ટરની સાથે ફિલ્મના એક્ટર અજય દેવગન અને અભિષેક બચ્ચન ઉપસ્થિત રહ્યા હતાં.

ઉથલપાથલ વચ્ચે સેન્સેક્સમાં ૩૭ પોઈન્ટનો સુધારો નોંધાયો

મુંબઈ,તા.૪

શેરબજારમાં આજે કારોબારનાં અંતે તેજી જોવા મળી હતી. ઉથલપાથલ વચ્ચે ચાવીરૂપ બેંચમાર્ક ઈન્ડેક્ષ તેજી સાથે બંધ રહ્યો હતો. સેન્સેક્સ ૩૭ પોઈન્ટ સુધરીને ૧૭૪૬૩, નિફ્ટી ૧૫ પોઈન્ટ સુધરીને ૫૩૦૨ની સપાટીએ રહ્યો હતો. બેંકો અને મેટલનાં શેરોમાં સૌથી વધુ સુધારો રહ્યો હતો. આવી જ રીતે બ્રોડર માર્કેટમાં પણ સ્થિતિ સુધારાવાળી રહી હતી. મિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્ષમાં ૦.૮ ટકા સુધીનો સુધારો થયો હતો.

એશિયન બજારોમાં હેંગસેંગ અને શાંઘાઈ કોમ્પોઝીટ સિવાય તમામ અન્ય બજારો તેજી સાથે ખૂલ્યા હતાં. જાપાનનાં નિક્કીમાં ૦.૪ ટકાનો સુધારો રહેતો બે મહિનાની ઉંચી સપાટી જોવા મળી હતી. એનર્જી અને સંસાધન કંપનીઓનાં શેરમાં તેજી જોવા મળી હતી. ઘરઆંગણે સેક્ટરલ ઈન્ડેક્ષની વાત કરવામાં આવે તો મેટલ ઈન્ડેક્ષમાં બેટકાનો સુધારો થયો હતો. મેટલ અને માઈનિંગ કંપનીઓનાં શેર તેજીમાં રહ્યા હતાં. સરકાર આ મહિનામાં કર્ણાટકમાં કેટલાંક નિર્ણય કરે તેવી શક્યતા દેખાય રહી છે. આજે કારોબાર દરમિયાન રિયલિટી તેમજ કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ, કેપિટલ ગુડ્સ અને પાવર ઈન્ડેક્ષમાં ૦.૬ થી ૨ ટકા સુધીનો સુધારો થયો હતો જ્યારે અન્ય ટોચનાં સેક્ટરલ ઈન્ડેક્ષમાં પણ તેજી નોંધાઈ હતી. બીજીબાજુ ઓઈલ એન્ડ ગેસ, એફએમસીજી, આઈટી ઈન્ડેક્ષ નકારાત્મક ઝોનમાં રહ્યા હતાં. આમાં ૦.૪ થી ૦.૬ ટકાનો ઘટાડો રહ્યો હતો. સેન્સેક્સનાં જે શેરમાં સુધારો જોવા મળ્યો હતો તેમાં મારૂતિ સુઝુકી, ભારતી એરટેલ, એસબીઆઈ, બજાજ ઓટો અને એલએન્ડટીનો સમાવેશ થાય છે.

એર ઈન્ડિયાના પાયલોટો છ જુલાઈથી ફરજ ઉપર હાજર

નવી દિલ્હી, તા. ૪

એર ઈન્ડિયા પાયલોટોએ તેમની ૫૮ દિવસ લાંબી હડતાળને પાછી ખેંચી લેવાની ખાતરી આપ્યાના એક દિવસ બાદ પાયલોટોનું પ્રતિનિધીત્વ કરતી સંસ્થા ઈન્ડિયન પાયલોટ્સ ગીલ્ડ (આઈપીજી)એ આજે સવારે કહ્યું હતું કે પાયલોટો છઠ્ઠી જુલાઈથી ફરજ પર હાજર થશે. આઈપીજીના કેપ્ટન રોહિત કાપાહી આજે સવારે રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં પત્રકાર પરિષદને સંબોધતા કહ્યું હતું કે દરમિયાનગીરી બદલ અમે હાઈકોર્ટના આભારી છીએ. તેમણે એમ પણ કહ્યું હતું કે પાયલોટોની માંગ પરિપૂર્ણ કરી લેવામાં આવશે અને તમામ મુદ્દાઓને ટૂક સમયમાં ઉકેલી લેવામાં આવશે. તેમણે વધુમાં કહ્યું હતું કે સમાધાનની પ્રક્રિયા છઠ્ઠી જૂને શરૂ થશે. સમાધાન પ્રક્રિયા અંગેનો અહેવાલ ૯મી જુલાઈના દિવસે હાઈકોર્ટમાં રજૂ કરાશે. ત્યારબાદ ભાવિ પગલાં અને નિર્ણય લેવામાં આવશે. દિલ્હી હાઈકોર્ટે ગઈકાલે ૪૮ કલાકની અંદર ફરજ પર હાજર થવા હડતાલી પાયલોટોને આદેશ કર્યો હતો.

સાથે સાથે મેનેજમેન્ટે પણ પાયલોટોની ફરિયાદ તરફ ગંભીરતા તરફ ધ્યાન આપવાની ખાતરી આપી હતી. ગઈકાલે મુંબઈમાં મેનેજમેન્ટ કમીટિની મિટીંગ બાદ ઈન્ડિયન પાયલોટ ગીલ્ડ દ્વારા હડતાળને સમેટી લેવાની જાહેરાત કરવામાં આવી હતી. આવતીકાલે કોર્ટમાં બંને પક્ષો તરફથી હળવું વલણ અપનાવવામાં આવ્યું હતું. એર ઈન્ડિયાના પાયલોટોની હડતાળ ૫૮ દિવસ સુધી ચાલી રહી જેના કારણે એર ઈન્ડિયાને ભારે નુકસાન થયું છે. પહેલાંથી જ રોકડ કટોકટીનો સામનો કરી રહેલા એર ઈન્ડિયાની પ્રતિષ્ઠાને પણ હડતાળના કારણે મોટો ફટકો પડ્યો હતો. મામલો કોર્ટમાં પહોંચ્યો હતો. ઘણા પાયલોટોની હકાલપટ્ટી પણ કરાઈ હતી.

નિરામય (પાના નં. ૪ નું ચાલુ)

હવે વાત આવે છે ઔષધોની. આપણે અગાઉ જોયા મુજબ મેદોરોગ એ શરીરની મેદધાતુની દુષ્ટિથી થાય છે. આથી મેદધાતુને સમ અવસ્થામાં લાવે તેવા ઔષધો આમાં કારગત નિવડી શકે. મેદો રોગની સામાન્ય ચિકિત્સા જોઇએ.

(૧) ગૂગળ એ મેદને ઘટાડવાનું ઉત્તમ ઔષધ છે. ગૂગળને શુધ્ધ સ્વરૂપે લઇ શકાય. મેદોહર ગૂગળ જેવા ગૂગળના યોગો કે, જેમાં મેદનાશક ઔષધિઓનું સંમિશ્રણ છે, તે પણ ફાયદાકર નિવડે.

(૨) વાવડીંગ, સૂંઠ તથા આમળાનું ચૂર્ણ મધ સાથે લેવું.

(૩) વડ તથા પીપળાના પાનનો ઉકાળો કરી પીવો.

(૪) પરવળના પાન, ચિત્રક, સુગંધીવાળો તથા હિંગનો ઉકાળો.

(૫) આહારમાં જૂના ભાત તથા મગ લેવા તેમજ સરગવાનો સૂપ પીવો.

આ ઉપરાંત વ્યક્તિની પ્રકૃતિ, બળ તથા દોષવૃધ્ધિ મુજબ યોગ્ય ઉપચાર કરવાથી મેદોરોગ ચોક્કસ કાબૂમાં આવી શકે. પણ હા, ફક્ત ઔષધોથી જ આ કામ પાર નથી પડતું. આહાર તેમજ વ્યાયામનો સંગાથ ખૂબ જરૂરી છે.

તો આપણે ગળચટ્ટા ગુજરાતીઓ કે જેઓ મેદોરોગનો ભોગ બનવા માટે ખૂબ જાણીતા છે, અત્યારથી જ શક્ય હોય તેટલો આહાર-વિહાર પરત્વે સંયમ દાખવીએ તથા મેદોરોગ અને તેના કારણે થતા કોલેસ્ટેરોલ, બ્લડ પ્રેશર કે હૃદયના રોગો જેવા ઉપદ્રવોથી દૂર રહીએ.

ધારાસભ્યોને કાર ખરીદવાની મંજૂરીનો નિર્ણય પરત ખેંચાયો

લખનૌ, તા.૪

ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી અખિલેશ યાદવના નેતૃત્વ હેઠળ સમાજવાદી પાર્ટી સરકારે બહુજન સમાજપાર્ટી, ભાજપ, કોંગ્રેસ સહિત રાજકીય પક્ષોએ ભારે હોબાળો મચાવ્યા બાદ દબાણ સમક્ષ ઝૂંકીને ૨૦ લાખ સુધીની ગાડી ખરીદવા ધારાસભ્યોને મંજુરી આપવાના નિર્ણયને પાછો ખેંચી લીધો છે.

અખિલેશના યુટર્નને લઈને ભારે રાજકીય ચર્ચા શરૂ થઈ ગઈ છે. કેટલાક ધારાસભ્યો હાલ એવા છે જે સાત-આઠ વર્ષ જુની કારનો ઉપયોગ કરી રહ્યા છે. ધારાસભ્યોને પોતાના એરિયા ડેવલપમેન્ટ ફંડમાંથી કાર ખરીદવાની મંજૂરી આપવામાં આવી હતી. ગઈકાલે જ કરાયેલા આ નિર્ણયને પરત ખેંચી લેવાનો નિર્ણય કરાયો છે. મુખ્યમંત્રીએ પોતાના નિવાસે પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યું હતું કે ગઈકાલના નિર્ણયને પરત ખેંચવામાં આવી રહ્યો છે. નવા નિર્ણય બાદ કોઈપણ ધારાસભ્ય તેમના એરિયા ડેવલપમેન્ટ ફંડનો ઉપયોગ કરીને ૨૦ લાખ સુધીની કાર ખરીદી શકશે નહીં. અત્રે ઉલ્લેખનીય છે કે ઉત્તર પ્રદેશમાં ૪૦૩ ધારાસભ્ય છે. સરકારના આ નિર્ણયથી તીજોરી ઉપર ૮૦ કરોડનો બોજ પડનાર હતો. અખિલેશે જે ફંડમાંથી કાર ખરીદવા મંજૂરી આપી હતી તે ફંડને વિધાયક નિધી તરીકે પણ ગણવામાં આવે છે. ગઈકાલે અખિલેશે વિધાયક નિધી હેઠળ ધારાસભ્યોને ફંડ વર્તમાન ૧.૨૫ કરોડથી વધારીને ૧.૫ કરોડ કરવાનો પણ નિર્ણય કર્યો હતો. નાણાંકીય કટોકટીની સ્થિતિમાં આ નિર્ણય લેવામાં આવતા તમામ પક્ષોએ ભારે હોબાળો મચાવ્યો હતો. વિરોધપક્ષોની નારાજગી સમક્ષ ઝૂંકીને અખિલેશ યાદવે એકાએક નિર્ણય બદલી નાખ્યો છે. ઉત્તરપ્રદેશમાં નાણાંકિય કટોકટી હોવા છતાં ધારાસભ્યોને કાર ખરીદવાની મંજુરી આપવાના અખિલેશના નિર્ણયની વ્યાપક ટીકા થઈ હતી.

આસામ પૂર : લાખો લોકો હજુ પણ પૂરના સંકંજામાં

ભારતના પૂર્વીય રાજ્ય આસામમાં પૂરની સ્થિતિ વધુ ગંભીર બનેલી છે. હજુ સુધી મોતનો આંકડો વધીને ૯૫ સુધી પહોંચી ચૂક્યો છે. લાખો લોકો હજુ પણ પૂરના સંકંજામાં આવેલા છે. છેલ્લા કેટલાક દિવસથી વરસાદ રોકાઈ ગયો હોવા છતાં સ્થિતિ સંપૂર્ણપણે સુધારાવાળી બની નથી. મળેલી માહિતી મુજબ પૂરના કારણે ૨૦ લાખ લોકોને માઠી અસર થઈ છે. સમાચાર સંસ્થાના જણાવ્યા મુજબ મોતનો આંકડો હજુ વધવાની દહેશત છે. લાખો લોકો ખૂબ જ દયનીય સ્થિતિમાં મૂકાઈ ગયા છે. અસરગ્રસ્ત ૨૦ લાખ લોકોપૈકી આશરે પાંચ લાખ લોકો સરકાર દ્વારા સ્થાપિત કરવામાં આવેલા રાહત કેમ્પમાં રહી રહ્યા છે. મોટાભાગના લોકો ઊંચાણવાળા વિસ્તારોમાં ફસાયેલા છે. ૭૦થી વધુ ગામમાં હજુ પણ પાણી ભરાયેલા છે. રાહત સામગ્રીઓને લઈને પણ ચારે બાજુ ફરિયાદો મળી રહી છે. મોટાભાગની સરકારી મદદ રાહત છાવણી સુધી મર્યાદિત થઈ છે.

કેફિયત કલા સાધકની • બીજા પાનાનું અનુસંધાન

પૂ. મોરારિબાપુ તેમજ પૂ. ડોંગરેજી મહારાજ ઉપરાંત ૧૦૦૮ મહામંડળેશ્વર શ્રી વિશ્વભારતી બાપુએ પૂ. કનૈયાલાલજી મહારાજનું સન્માન કરેલ છે. પૂ. મહારાજને 'સાહસવીર' પારિતોષિક તેમજ અવસર સંસ્થા દ્વારા 'સન્માનમ્' પણ પ્રાપ્ત થયેલ છે.

શ્રી કનૈયાલાલજી માને છે કે તેમના ઘડતરમાં માતુશ્રી પૂ. કંચનબાના આશીર્વાદ, પત્ની જયશ્રીબેન તેમજ પરિવારનો સહયોગ, સરકારી પ્રેસના સાથીઓનો સતત સહકાર અને ચોપાઈના એકડાથી કથાકાર સુધીની લાંબી સફરમાં હૂંફ અને પ્રોત્સાહન આપનાર શ્રી કૃષ્ણકાન્તભાઈ જહાનો અમૂલ્ય ફાળો રહ્યો છે.

પ્રભુ મહિમા ગાતા શ્રી મહારાજ ઉપર પ્રભુના ચાર હાથ હોય એ સ્વાભાવિક છે. થોડાં વર્ષો પહેલાં ગંભીર રોડ અકસ્માતમાં ઘવાયેલા મહારાજે એ પછીના સાતમા દિવસે કથા કરી હતી અને ગત વર્ષે તેમને આવેલા હૃદયરોગના હુમલા પછી બીજા જ દિવસે પણ કથા કરી હતી ! જય હો !

વ્યસન મુક્તિના હિમાયતી પૂ. મહારાજ માને છે કે કથા દરમ્યાન કોઈ વ્યક્તિ વ્યસન ત્યાગ જાહેર કરે એ તેમના માટે મોટામાં મોટી 'દક્ષિણા' છે. પૂ. મહારાજને જ્યારે કોઈ પાય લાગે છે ત્યારે તેઓ સૌથી વધુ 'ક્ષોભ' અનુભવે છે. આ સાદગી, સાલસતા, નિરાભિમાનીપણાને અનેક વંદન સહ જય સીયારામ !